# ધન (ભ.ધ.ફ.)



## “કિનારેથી તું કરી કિનારો, વમળમાં આવી ફસ્યો છે, હવે સુકાની ડરે શું કરવા ભલે તૂફાનો હજારો આવે ”

**સંવત 2082 આપને આ વર્ષ ધીરજ સમજદારી અને સાવધાની સાથે ઉબડખાબડ રસ્તા પર આગળ વધવાનો સમય છે. શનિની અઢી વર્ષીય નાની પનોતી લોખંડના પાયાના બંધનમાં આપ છો. વખતોવખત કષ્ટ અને પીડાનો અનુભવ કરાવે. વર્ષના ઉત્તરાર્ધમાં ગુરુનું અષ્ટમ સ્થાનમાં ગોચર પણ પ્રતિકૂળ રહે. અલબત્ત, વર્ષ દરમ્યાન રાહુનું તૃતીય ભાવમાં ભ્રમણ તથા તા 5 ડિસેમ્બર 2025 થી 1 લી જૂન સુધી ગુરુનું સાતમા ભાવમાં ભ્રમણ એકંદરે રાહતરૂપ બની રહે. કાલખંડમાં સૂરજની ગરમીથી જલતા તનબદનને વટવૃક્ષનો છાંયો મળ્યો હોય તેવો એહસાસ થાય. એકંદરે વર્ષ સંઘર્ષ પછી મળતા સુખનું રહેશે.**

**જીવનનાં વિવિધ પાસાંઓ પર અસર**

### માનસિક સ્થિતિ : ચિંતા અને તણાવ રહે

આપની માનસિકતા મિશ્રિત રહેશે. ગુરુ આઠમા ભાવમાં હોવાથી ક્યારેક અસ્થિરતા અને અંદરની ચિંતા અનુભવાય. **શનિની નાની પનોતી પરિવાર અને ઘરલક્ષી જવાબદારીઓનું ભારણ લાવશે.** આરોગ્યવિષયક ચિંતાઓ પરેશાન કરતી રહેશે. વર્ષના ઉત્તરાર્ધમાં સટ્ટા પ્રવૃતિ અને વિનિમય સંબંધો પૂરતો પ્રલોભન થાય પણ તે બાબતે પોતાના મન પર કન્ટ્રોલ રાખવો સલાહભર્યો રહેશે. માનસિક સ્વસ્થતા જાળવવા ઈશ-કૃપા, આધ્યાત્મિકતા અને યોગ-પ્રાણાયામનો આશ્રય લેવો પડે.

### આરોગ્ય : સાવચેતી જરૂરી

તા. 5 મી ડિસેમ્બર થી 1 લી જૂન દરમ્યાન ગુરુ સાતમા સ્થાનમાં રહેતો હોવાથી શારીરિક - માનસિક રીતે સ્વસ્થ અને તંદુરસ્ત રહેશો પરન્તુ, 1 લી જૂન થી વર્ષના અંત સુધી ગુરુ આઠમા ભાવમાં ભ્રમણ કરતો હોવાથી જૂના રોગો, પાચન સમસ્યાઓ ઉથલો મારે. બ્લડ પ્રેશર કે ડાયાબિટીસ જેવી તકલીફ થઇ શકે. શનિ ચોથા ભાવમાં હોવાથી **છાતી, શ્વાસ અને હૃદય સંબંધિત સમસ્યાથી સાવચેતી રાખવી.** નિયમિત ચેકઅપ, યોગ અને સાત્ત્વિક આહારથી તંદુરસ્તી જળવાશે.

### વ્યાપાર-ધંધો : મધ્યમ રહે

વ્યવસાયમાં ઉતારચઢાવ આવશે. શનિના કારણે ધંધાકીય કામકાજ અને પ્રગતિમાં વિલંબ જરૂર જણાશે. રાહુ-કેતુના કારણે પણ વ્યાપાર-ધંધામાં પ્રતિકૂળતા રહે. પરંતુ ૫ મી ડિસેમ્બર 25 થી 1 લી જૂન દરમ્યાન સાતમા ભાવમાં રહેતો **ગુરુ આપને વ્યાપાર ધંધામાં સફળતા આપી ધન અને સમૃધ્ધિ આપી જાય.** ભાગીદારીથી પણ લાભ મળે. જો કે 1 લી જૂન 26 થી વર્ષના અંત સુધી અષ્ટમ ભાવમાં રહેતો ગુરુ તેમજ શનિની પ્રતિકૂળતા સફળતા બાધિત કરે અને ખર્ચાઓ પણ વધારે થાય.

### નોકરી : તણાવ

આપશ્રી શનિની અઢી વર્ષીય પનોતીના બંધનમાં છો. નોકરીમાં તણાવવાળી સ્થિતિ બનશે. **સહ- કાર્યકરો અને ઉપરી અધિકારીઓ સાથે ખટરાગ થયા કરે.** સ્વમાનનો ભોગ આપીને, મન મોટું રાખીને નોકરીમાં ટકી રહેવું પડે. જો કે તા 5મી ડિસેમ્બર 2025 થી 1 લી જૂન 2026 સુધીના સમયગાળામાં નોકરીમાં આપ નિષ્ઠા અને મહેનતથી લાભ અને યશ મેળવી શકશો.

### નાણાંકીય સ્થિતિ : ધનલાભમાં વધ-ઘટ

તારીખ 5 મી ડિસેમ્બર થી 1 લી જૂન સુધી સાતમા ભાવમાં ભ્રમણ કરતો ગુરુ આપને ધનવાન બનાવશે પરંતુ તારીખ 1 લી જૂનથી વર્ષના અંત સુધી આઠમા ભાવમાં ગુરુનું ભ્રમણ તથા વરસ દરમિયાન શનિનું ચતુર્થ સ્થાનમાં તથા રાહુના તૃતીય સ્થાનમાં ગોચરના કારણે આર્થિક લાભ બાધિત અને વિલંબિત બનશે. એકંદરે મિશ્ર નાણાંકીય અનુકૂળતા રહેશે.

### પ્રેમ અને પારિવારિક સંબંધો

શનિ ચતુર્થ ભાવમાં હોવાથી ઘરેલુ વાતાવરણમાં તણાવ કે જીવનસાથી સાથે મતભેદો થયા કરે પણ છૂટા પડવાની નોબત નહીં આવશે. **માતાના સ્વાસ્થ્ય વિશે**






**ચિંતા થઈ શકે.** પ્રોપર્ટી કે ઘર સંબંધિત વિવાદ થઈ શકે. ગુરુનું તારીખ પાંચમી ડિસેમ્બરથી 1 લી જૂન સુધી સાતમા ભાવમાં ભ્રમણ સારું વૈવાહિક સુખ આપી જાય જીવનસાથી દ્વારા ધન લાભ થાય. **વારસાગત મિલકત અથવા સંયુક્ત સંપત્તિ સંબંધી લાભદાયક નિર્ણય બની શકે.** પ્રેમ સંબંધોમાં મિશ્રિત સમય નવા સંબંધો માટે અવસર હશે પરંતુ અસ્થિરતા પણ રહેશે. વાદવિવાદ ટાળવા. ખાસ કરીને, પહેલી જૂનથી વર્ષના અંત સુધીના સમયગાળા દરમ્યાન વિજાતીય આકર્ષણોની માયાજાળમાંથી બચવું.

### શિક્ષણ : મહેનત થકી સફળતા

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મહેનતથી સફળતાવાળું રહેશે. ગુરુની અનુકૂળતા ખાસ કરીને 5 મી ડિસેમ્બરથી 1 લી જૂન 2026 દરમ્યાન આપને વિદ્વાન અને કીર્તિવાન બનાવશે. સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં એકાગ્રતા અને ખંતપૂર્વકનો અભ્યાસ રાખવો પડશે. વિદેશમાં અભ્યાસની તક પણ પ્રાપ્ત થઈ શકે.

### કોર્ટ કેસ : વિલંબ પછી વિજય

શનિના કારણે કોર્ટ કેસો ધીમી ગતિ આગળ વધશે. **જો કે વર્ષના અંત ભાગે વિજય તમારા પક્ષે આવી શકે.** ધીરજ રાખવી. બેદરકાર રહો તો હારનો સામનો કરવાનો વારો આવી શકે.

### સરકારી કામકાજ: મિશ્રફળ

સરકાર સાથેના કામમાં વિલંબ થઈ શકે પરંતુ ગુરુના કારણે કામમાં રાહત મળશે. ખાસ કરીને 5મી ડિસેમ્બર થી 1લી જૂન સુધીમાં સરકારી ટેન્ડર અને કોન્ટ્રાક્ટ યા લાયસન્સ સંબંધિત કામોમાં સફળતા અને લાભ પ્રાપ્ત થાય.

### પ્રવાસ : અનુકૂળતા

રાહુ ત્રીજા ભાવમાં હોવાથી વર્ષભર નાના-મોટા પ્રવાસ વારંવાર બનશે. કેતુ નવમા ભાવમાં હોવાથી તીર્થયાત્રા અને વિદેશ પ્રવાસ પણ શક્ય છે. પ્રવાસમાં લાપરવાહ રહો તો નાની -મોટી તકલીફો પણ આવી શકે.

### સ્ટોક માર્કેટ: ફંડામેન્ટલ સારી સ્ક્રીપ્ટમાં રોકાણ કરવું

લાંબા ગાળાના રોકાણ માટે વર્ષ શુભ છે ફાઇનાન્સ, ટેકનોલોજી, ફાર્મા, FMCG જેવા સેક્ટરની ફંડામેન્ટલી સફળ કંપનીઓના શેર્સમાં લાંબા ગાળા માટે રોકાણ લાભદાયી રહે. ટૂંકા ગાળાના સટ્ટામાં નુકસાન શક્ય. ઝડપથી ધનવાન થઈ જવાની લાલચ બૂરી બલા છે.

**(શીર્ષક પંક્તિ : ‘શયદા’)**

## મુખ્ય ગ્રહોની સ્થિતિ અને તેની અસરો

**શનિની અસર :** શનિનું ચોથા ભાવમાં ગોચર ઘર, માતા, વાહન અને પ્રોપર્ટી વિષે કસોટી લાવશે. ઘરેલુ વાતાવરણમાં તણાવ, માતાના સ્વાસ્થ્ય વિષે ચિંતા અને પ્રોપર્ટી વિવાદ થઈ શકે. ઘર યા વાહનથી હાનિ થવાની નોબત પણ આવી શકે. નોકરી અથવા બિઝનેસના સ્થળ બદલાવ શક્ય છે. ધીરજ રાખશો તો ધીમે-ધીમે સ્થિરતા આવશે. શનિ સત્કર્મ અને સંન્નિષ્ઠ પુરુષાર્થનો પુરસ્કાર મોડેથી આપશે પણ ચોક્કસ આપશે.

**ગુરુની અસર :** ગુરુનું સાતમા ભાવમાં ગોચર સુખ, પ્રતિષ્ઠા અને પ્રસિદ્ધિ અપાવે. પત્ની દ્વારા ધનલક્ષ્મી થઈ શકે. ભાગીદારી સંબંધિત બાબતોમાંથી નફો થશે. 1 લી જૂન પછી આઠમા ભાવમાં થતું ગુરુનું ગોચર ધન અને વૈવાહિક સુખની હાનિ કરાવે. આધ્યાત્મિકતા તરફ વલણ વધશે, જૂની બીમારીઓ ઊભરી આવી શકે છે, સાવચેતી રાખવી.

**રાહુની અસર:** પ્રવાસ, કોમ્યુનિકેશન અને નવા સંબંધોમાં અવસર પરંતુ ગેરસમજથી સાવચેત. રાહુના પ્રભાવ થકી અચાનક પ્રવાસ વધુ થશે - નાના પણ વારંવાર પ્રવાસો તથા તીર્થયાત્રા થાય. ભાઈ-બહેન સાથે મતભેદ થઈ શકે પણ નવાં લોકો સાથે કનેક્શનથી ફાયદો થશે. જોખમી નિર્ણય ઝડપથી ન લેવો, નહિ તો પડછાટ ખાવાની નોબત આવે.